| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૨/૧૧/૨૦૨૨ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૬૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૦૧/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨ | ૩,૫૧,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૧૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮૨ બિયર ટીન અને ૫ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૯૬૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૯૬૭/૨૦૨૨**

**નરોડા:** દિપકભાઇ મોહનભાઇ ગોહિલ (ઉ.વ.૩૬) (રહે.શંકરનગર વિભાગ-૨ નાના ચિલોડા નરોડા) એ તા.૦૧/૧૧/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૨/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નરોડા નાના ચિલોડા ખાતે આવેલ “મન લેડીઝ ટેલર્સ” નામની દુકાન ખાતે આરોપી શશીભાઇ જીવણભાઇ પટેલ (રહે.રાધે સ્કાય ન્યુ શાહીબાગ નાનાચિલોડા નરોડા) એ દિપકભાઇને જમીન લે-વેંચના ધંધામાં ભાગીદારીમાં રૂપિયાનું રોકાણ કરવાથી લાભ થવાની લાલચ આપી દિપકભાઇને વિશ્વાસમાં લઇ દિપકભાઈ પાસેથી રૂપિયા ૫,૫૩,૦૧૪/- પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ, દિપકભાઇને રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૯૬૮/૨૦૨૨**

**ઓઢવ:** શેષારામ છત્રારામ ચૌધરી (રહે.દુકાન નંબર-૭,૮ ગણેશ શોપીંગ સેન્ટર સ્મશાન ચાર રસ્તા પાસે ઓઢવ) એ તા.૦૧/૧૧/૨૦૨૨ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૩૦/૧૦/૨૦૨૨ સવારના ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ ગણેશ શોપીંગ સેન્ટર દુકાન નં.૭,૮ “મહાલક્ષ્મી કિરાણા સ્ટોર્સ” નામની દુકાનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી એલ.ઇ.ડી ટી.વી કિમત રૂપિયા ૩૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૩૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**કૃષ્ણનગર:** અનિલભાઈ ઈશ્વરભાઈ સોલંકી (રહે. વિભાગ-૧ પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) એ તા.૦૧/૧૧/૨૦૨૨ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૨ સાંજના ૪/૦૦ થી તા.૦૧/૧૧/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**દાણીલીમડાઃ** દર્પેશભાઇ મયુરચંદભાઇ ભટ્ટ (રહે.ગંગનાથ મહાદેવનાં છાપરાં પરીક્ષિતલાલનગર બહેરામપુરા દાણીલીમડા) એ તા.૦૧/૧૧/૨૦૨૨ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૨ કલાક ૯/૦૦ થી કલાક ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના બીજા માળના રૂમનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૬૯/૨૦૨૨</u>**

**કૃષ્ણનગરઃ** સોનાલીબહેન વા/ઓ રીકીનભાઈ પંચાલ (ઉ.વ.૩૧) (રહે.વિષ્ણુ ટેનામેન્ટ પ્રતિક સોસાયટી વિભાગ-૨ ઇન્ડિયા કોલોની બાપુનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે વિજયપાર્ક બી.આર.ટી.એસ સ્ટેન્ડ ઠક્કરનગર હાઇવે ઉપર પોતાનુ એકટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ સોનાલીબહેનની નજર ચુકવી સોનાલીબહેનના એકટીવાના આગળના ભાગે ભરાવેલ પર્સ ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં રોકડ રૂપિયા ૩૪,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**<u>લુંટઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭૦/૨૦૨૨</u>**

**નરોડાઃ** ધીરાભાઇ નાનજીભાઇ સોલંકી (ઉ.વ.૩૯)(રહે.ધર્મનાથ સોસાયટી સેન્ટ મેરી સ્કુલની બાજુમાં નિકોલ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૧/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી.ઈન્ગરસોલ કંપની આગળ મુઠીયા ગામ તરફ જતા રસ્તે થી ધીરાભાઈ સોલંકી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ધીરાભાઇની મોટર સાયકલના સાઇડ હુકમા ભરાવેલ બેગ ખેંચી ઝુંટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૩,૫૩,૩૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭૧/૨૦૨૨</u>**

**શાહીબાગઃ** જેઠાલાલ સરીમલ શાહ (ઉ.વ.૬૮) (રહે. નિલમપાર્ક સોસાયટી ચંદ્રમણી હોસ્પિટલ પાછળ શાહીબાગ) તા.૦૧/૧૧/૨૦૨૨ સવારના ૮/૧૫ વાગ્યાના સુમારે સોસાયટીના કોમન પાર્કીંગ ખાતે પક્ષીઓને દાણા નાખવા તેમજ કિડીયારો પુરવા માટે ગયા હતા ત્યારે સોસાયટીના પાછળના ભાગે આવેલ રેલ્વે પાટા બાજુથી આવેલ એક પુરૂષ જેઠાલાલ શાહની આંખમાં મરચાની ભુકી નાખી જેઠાલાલના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૮૦,૦૦૦/- તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જેઠાલાલ શાહ એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૨/૨૦૨૨**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ચંદાબહેન પોપટજી ઠાકોર (ઉ.વ.૬૦) (રહે. ઠાકોર વાસ વિભાગ-૧ હનુમાનજી મંદિર સામે પિપળજ ગામ) તા.૦૧/૧૧/૨૦૨૨ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે નારોલ થી શાસ્ત્રીબ્રીજ તરફ જતા રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૨૭ સીજી ૫૬૯૨ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ચંદાબહેનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ચંદાબહેનના પૌત્ર વિશાલ દેવસિંગભાઈ ઠાકોરે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન **ખાતે નોધાવી છે**. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**પાંચમા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૩/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ચાંદખેડા જગતપુર રોડ જગતપુર ગણેશ ગ્લોરી-૧૧ નામની નવી બનતી સાઇટ લેબર કોલોની ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા અખિલેશ સ/ઓ વિરેન્દ્રરામ (ઉ.વ.૨૪) (મુળ વતન. બી/૧૨૫ ગલી નંબર-૨/બી વિજયવાડી મેનપુર ગઢી મેઢ ઉત્તરપુર્વ દિલ્હી) તા.૦૧/૧૧/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સાઇટના "ઇ" બ્લોકના પાંચમા માળે લિફ્ટના ભાગે શટરીંગનુ કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા પાંચમાં માળથી પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૪/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** પુષ્પેન્દ્ર સ/ઓ સુનીલકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૧) (રહે. ગાયત્રીનગર વિભાગ-૪ ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની એંગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** વિપુલ ઉર્ફે પીન્ટુ સ/ઓ મોતીભાઈ રબારી (ઉ.વ.૩૧) (રહે. શાલીગ્રામ એપાર્ટમેન્ટ મધર મિલ્ક ડેરીના ખાંચામા બોડકદેવ) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૨ રાતના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** બકુલભાઈ ચિમનલાલ પ્રજાપતી (ઉ.વ.૪૪) (રહે.મોટી મહેતાની પોળ વાડીગામ દરીયાપુર) એ બિમારીથી કંટાળી તા.૩૦/૧૦/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ નીચે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. ત્યારબાદ નદીમાં કુદી જતા માણસો જોઈ જતા તેઓને નદીમાંથી બહાર કાઢી સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૧/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઈન્દ્રજીસિંહ માનસિંહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** નિધીકુમારી રામાધ્યાનસિંગ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. ગલી નંબર-૨ પુષ્પાનગર ભાર્ગવ રોડ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૨ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.સી.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી